જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૭/૨૦૧૮ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારા ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૧૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૬ બિયર ટીન કબજે કર્યા હતા.તેમજા જુગારા ધારા હેઠળા ૨ કેસા કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડા રૂપિયા ૨૧,૫૪૨/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૨૬/૧૮

**માધવપુરાઃ** ગીતાબહેન W/o મુકેશભાઈ પટેલ (ઉ.વ.૪૬)(રહે,રત્ન પ્લાઝા કોમ્પલેક્ષ, પંચવટી બંગ્લોઝની સામે, ન્યુ રાણીપ) એ તા.૧૧/૭/૧૮ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૭/૧૮ કલાક ૧૦/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન દેવજીપુરા લાઇનની આગળ AMTS બસ સ્ટેન્ડ પાસે રોડ પર બે અજાણ્યા ઇસમોએ (૨૨ થી ૩૫ વર્ષના આશરાના) ગીતાબહેન કહેલ કે “ આ તમારા દાગીના મને ઉતારી આપો જેના બદલે તમે આ બોક્ષમાં રૂપીયાની નોટોનું બંડલ છે આ તમે રાખો” તેમ કહી વિશ્ર્વાસમાં લેતા, ગીતાબહેને પહેરેલ સોનાનું મંગળસુત્ર, સોનાની સેર અને બુટ્ટી મળી તમામ દાગીના કુલ કિંમત આશરે રૂપિયા ૪૦,૦૦૦/- મતાના મેળવી લઈ નાસી જઇ, બાદમાં ગીતાબહેને સદર બોક્સ ફાડી જોતા બંડલના ઉપરના ભાગે ૧૦૦ રૂપિયાની નોટ સ્ટેપલર થી ફીટ કરી તેની નીચે સફેદ લીંટી વાળા કાગળો ગળી વાળી બંડલ બનાવી, ગીતાબહેન ને આપી, તેઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૨૭/૧૮</u>**

**ગુજરાત યુનિવર્સીટી** : ભવનેશ ભરતકુમાર પટેલ (ઉ.વ.૩૭) (રહે, વિન્ડમાઈસ, સાયન્સ સીટી, ભાડજ ક્રોસ રોડ, એસ.પી.રીંગ રોડ) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૭/૧૮ રાતના ૯/૦૦ થી તા.૧૧/૦૭/૧૮ ના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા ગુલબાઈ ટેકરા, રોનક કોમ્પલેક્ષના બીજા માળે, એસ/૨ “ધનલાભ લોજીસ્ટીક” નામની પોતાની કસ્ટમ ક્લીયરીંગની ઓફીસ ના બાથરૂમ ની વેંટીલેટર બારી કે કીચનની સ્લાઈડર બારીની ગેપ માંથી કોઇ અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ઓફીસમાં ચાર ખાનાવાળા ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.